**ગાંધીધામ મહાનગરપાલિકા**

**પ્લોટ નંબર. ૩૫, સેક્ટર – ૯, ગાંધીધામ – કચ્છ. પીન.૩૭૦૨૦૧**

---

**તા.૨૨/૦૧/૨૦૨૬**

# "અખબારી યાદી"

## ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા દિનદયાલ પોર્ટ ટ્રસ્ટના CSR ફંડ માંથી ફાળવેલ અંદાજીત રૂ.૧૨.૦૦ના કરોડ કામોનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું

ગાંધીધામ મહાનગરપાલિકા ની દિનદયાલ પોર્ટ ટ્રસ્ટ દ્વારા ફાળવેલ અંદાજીત રૂ.૧૨.૦૦ કરોડના જુદા જુદા કામો (૧) ગાંધીધામ મુખ્ય બજારના ઝંડાચોક (૨) આદિપુર ખાતે મહારાવ મદનસિંહ સર્કલ (ઝંડાચોક) (૩) ગાંધીધામ ખાતેના લીલાશાહ સર્કલ ના રીડેવલપમેન્ટ તથા ગાંધીધામ ખાતેના સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા થી મહાત્મા ગાંધી પ્રતિમા સુધીના મુખ્ય રોડને RCC રોડ બનાવવાના કામનું ખાતમુહુર્ત માન.સાંસદશ્રી વિનોદભાઈ ચાવડા, માન.ધારાસભ્યશ્રી માલતીબેન મહેશ્વરી, દીનદયાલ પોર્ટ ઓથોરીટીના ચેરમેનશ્રી સુશીલકુમાર સિંઘ, ગાંધીધામ મહાનગરપાલિકાના માન.કમિશનરશ્રી મનીષ ગુરવાનીના વરદ હસ્તે કરવામાં આવ્યું.

વધુમાં જણાવવાનું કે, મુખ્ય બજારમાં રાજ્ય સરકારશ્રી ની સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ.૮.૦૦ કરોડના ખર્ચે સ્ટ્રોમ વોટર ડ્રેઇન, પાર્કિંગ, ફૂટપાથ, આઇકોનિક લાઈટીંગ, યુટીલીટી ડ્રેઇન તેમજ બ્યુટીફીકેશનનું કામ પ્રગતિમાં છે. તે ઉપરાંત દીનદયાલ પોર્ટ ટ્રસ્ટ ના CSR ફંડ માંથી મુખ્ય બજારના રોડને RCC રોડ બનાવવામાં આવશે. આવા તમામ કામોમાં નગરજનોનો સહકાર મળે તેવું મહાનગરપાલિકા ની અખબારયાદીમાં અપીલ કરવામાં આવે છે.

જનસંપર્ક અધિકારી